શ્રી નવીન

હૃદય-રત્ન.

પ્રકાશક મંગલદાસ હેમચંદ પરોપકારી.
અમદાવાદ કાળુપુર રાજા મહેતાની પોળ

છપાવી પ્રસિદ્ધ કરનાર
મહેતા ડાહ્યાભાઇ જેઠાભાઇ
સૈયદ હાસમ સૈયદ ઇમામે (ભરૂચી.) અમદાવાદ
કીમત ૦—૧—૦ એક આનો.

સને ૧૯૧૧ પ્રત ૨૦૦૦

અમદાવાદ

માણેકચોક સાક બજારમાં રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં
પટેલ ભીખાભાઈ છગનલાલે છાપ્યું.

કળજુગી મહીમા.

દીબાચો.

સત્યવાતને જુઠી જાણે, જુઠી વાતપર પ્રીતી આણે;
નાના મોટા આ પ્રમાણે, જુઓ આ કળજુગનો મહીમા.
મુખ ઉપરતો મીઠુ મીઠું, બોલે સઘળા દીઠું અદીઠું,
પછવાડેથી નાંખે મીઠું, જુઓ આ કળજુગનો મહીમા.
શરમા શરમી હાજી હાજી, એમ કહીને રાખે રાજી,
બોલે પછીથી જાણે કાજી, જુઓ આ કળજુગનો મહીમા.

લોકોને જુદા દઈ દીલાસા, પુરે નહી તેઓની આશા,
નાંખે બિચારા ત્યાં નિશાસા, જુઓ આ કળજુગનો મહીમા.
બહાર નીકળે રોફજ મારી, લાજ આબરૂ નવ હોય સારી,
ઉપર બતાવે ભરમભારી, જુઓ આ કળજુગનો મહીમા.
જાત કુજાત નહી પુછે કોઈ, શાફ વસ્ત્ર પહેરેજે ધોઈ,
પાસે બેસાડે તેને જોઇ, જુઓ આ કળજુગનો મહીમા.
મીઠ કહે તે મીત્ર નાંહ્ય, કડુ શિખ દે તે શત્રુ થાય,
અવળો અર્થ એમ જણાય, જુઓ આ કળજુગનો મહીમા.
રૂપાળી નારી હોયજ જારી, લોકો કહે તેને બહુ સારી,
સતીને કહે ઠગારી નારી, જુઓ આ કળજુગનો મહીમા.
લક્ષ્મી શારસ્વતી શું નામ છે રૂડું, કાર્ય કરે તે કેવું ભુંડું,

સમજુ જન સૌ શમજો ઉંડું; જુઓ આ કળજુગનો મહીમા.
માત પિતાને શીખવે બાળ, પાડી જુમને આપે ગાળ,
આવ્યું કેવું. અંતે કાળ, જુઓ આ કળજુગનો મંહીમા.
પતિને ઉપરથી પ્યાર, રાખેલાને આપે સાર,
સમજે નહિ મુર્ખ ગમાર, જુઓ આ કળજુગનો મહીમા.
કુવારી કન્યાને જન્મે બાળ, અણુ સમજુ થઇ સમજે ગાળ,
અકાળ વખતે આવે કાળ, જુઓ આ કળજુગનો મહીમા.
દૃધ પીતાં બે બાળક નાનાં, સંસારની રીતમાં થઇ દીવાના,
મુજને જોઇ થયાં રવાના, જુઓ આ કળજુગનો મહીમા.
પુરૂષોમાંથી પુરૂષાતન ગયું, સાહુકારોથી સત્યજ ગયું,
જુંઠું જુંઠું કૃત્યજ રહ્યું, જુઓ આ કળજુગનો મહીમા,

સાસુને ધમકાવે વહુ, નણદલને તે ખીજે બહુ,
મરજી મુજબ ,કરે તે સહુ. જુઓ આ કળજુગનો મહીમા.
બેન ભાઈનાં મન વસેલાં, એક બીજાને દે હડસેલા,
કુડા પ્રેમમાં બેઉ ધસેલા, જુઓ આ કળજુગનો મહીમા.
સગા ભાઈઓમાં ચાલે વહેર, મીત્રો સાથે મારે લહેર,
સગાં સબંધી લાગે ઝેર, જુઓ આ કળજુગનો મહીમા.
પોતાના ઘરની નારી નકારી, પરનારીને જુવે ધારી,
વળી કહે હું પર ઉપકારી, .જુઓ આ કળજુગનો મહીમા.
દારૂ ગાંજો પોતે પીતો, બીજાને શીખામણ દેતો,
સાર તેનો નહિ તે લેતો, જુઓ આ કળજુગનો મહીમા.
રંક હોય ને લક્ષ્મી મળે, તેને જોઈને લોકો બળે,

દાવ સાચીને લઈ લે કળે, જુઓ આ કળજુગનો મહીમા.
ભજન શીખીને ગાણું ગાતા, નરનારી તેને બહુ ચહાતા,
શાસ્ત્ર વાળાને ગણે મદમાતા, જુઓ આ કળજુગનો મહીમા.
ગાય ભજન પણ મન રમતું, ભામીનીઓમાં મન ભમતું,
એ આચારવાળું સૌને ગમતું, જુઓ આ કળજુગનો મહીમા.
નાટક જોયું સમજ્યા નહિ સાર, પછીથી રમવા માંડ્યું જાર,
અંતે થયા પુરા ખુવાર, જુઓ આ કળજુગનો મહીમા.
ચાર ચતુરા ભેગી થાય, દર્શન કરવા મંદીર જાય,
અડધી રાતે ઘેરજ જાય, જુઓ આ કળજુગનો મહીમા,
પરોપકારી મીત્રમાં નહીંએ ચાળા, પુરા છે તે છેલ છોગાળા,
શુરા સત્યનીતીવાળા, જુઓ આ કળજુગનો મહીમા.

અરેરે ? ? ? જગતની કેવી અવળી રચના છે ?

અરે આત્મા ? અરે આત્મા ? અરે આત્મા ? તને તે શું કહેવું ?
આત્મા ? આત્મા ? આવું અવળું કૃત્ય કરવું એવું તને ઘટે છે ? ના ના; કદી નજ ઘટે હો ?

અરેરે આત્મા ? ? ? જરા વિચારીને તો જો, ઠેકાણે ઠેકાણે શું ભુલી ગયો છે ? શું આમ, છેકજ અવળું ? જોજો અવિચારી, અને નિર્દય આત્મા ? તારાં અવળાં કૃત્યોજો અને દયાળુ થા.

સમુદ્ર, જેકે જગતનું સંરક્ષણ કરનારછે તેને તેં ખારોકર્યો.
૨ કોયલ, મધુર સ્વર વાળી છે છતાં તેને કાળી કરી નાંખી
૩ ચાતક, તેને વરસાદ વિના તરસ્યો રાખ્યો.
૪ ચકોર, તેને દેવતાનોજ આહાર કીધો.
૫ કમળ, જેકેઉત્તમમાં ઉત્તમ પુષ્પ તેને તેં પાણીમાં સરજાવ્યુ
૬ ગુલાબ, ઘણી સુંદર વાસવાળો છોડ છતાં તેના ઉપર કાંટા
જ નાંખ્યા.
૭ ભ્રમર. જે સારી ભુરીવાસનો જાણનાર તેને તેં મુઠબનાવ્યો.
૮ વડલો, જે મોટામાં મોટું વૃક્ષ તેને તેં છેક નાનામાં નાનુ
ફળ ટેટાજ આપ્યો.
૯ વેલો, જે કે પગમાં કચરાય તેને મોટાં મોટાં સાકર કોહો-
ળાં જેવાં ફળ આપ્યાં.

૧૦ હંસ, તેને મોતી (ખવાય નહિ) તેનો ચારો આપ્યો.
૧૧ ઉદાર માણસ, તેને છેક કંગાલ બનાવ્યો.
૧૨ શોમ માણસ, તેને પુષ્કળ દ્રવ્ય આપ્યું.
૧૩ નિર્દય, જેને દયા કે વિચાર નહિ તેવા માણસને સત્તાઆપી
૧૪ શાણો, કે જે જગતમાં નામ કાઢે તેને તે નિરબળ રાખ્યો.
૧૫ જે સજ્જન, તેને મહા દુખ અને વિપત્તીમાં રાખ્યો.
૧૬ જે દુરીજન, મહા પાપીને નિર્દય, તેને મહા સુખઆપ્યું.
૧૭ જે ગુણીજન, તેને મહા ગરીબ રાખ્યો.
૧૮ જે મુર્ખ, તેને મણી સોંપ્યો અગર વૈભવી કર્યો.
૧૯ જે ચતુર પુરૂષ, તેને શંખણી મુર્ખ સ્ત્રી સોંપી.
૨૦ જે ચતુરસ્ત્રી, તેને મુર્ખ અને ના લાયક જતી સોંપ્યો.
અરેરે ?!? બ્રહ્મા ? બ્રહ્મા ? ઉપર પ્રમાણે અવળાં કૃત્ય

કરનાર નિર્દય, તારી ગહન ગતીને માટે વિશેષ શું કહુ જરા દયા લાવો. પ્યારા બ્રહ્મા ? મારી હૃદયની લાગણી તારા કૃત્યથી ઘણીજ ક્ષુબ્ધ ઉઠી છે. તેથી કાલા વાલા કરી પ્રાર્થના કરૂં છું કે આવાં મહાન સંકટો દૂર કરવાને વાસ્તે દયાળુ જગદીશને ભેટી તેઓની આશા લેઈ લાયકને લાયકાત પ્રમાણે જે જોઈએ તેજ પ્રમાણે આપો કે જોઈતાં વૈભવી સુખોથી, રાજી થઈ શ્રી હરીના પરમ પદને ભેટવા અતિ આતુર રહેશે એજ મારી સ્તુતિ છે.

(૧) સવાલ—જગતમાં પ્રમાણીક કોણ કહેવાય ?
જવાબ—જે બોલેલું વચન જીંદગી સુધી પાળે તે.

(૨) સવાલ—અરેરે ??? બોલેલું વચન કોણ પાળે છે? ?

જવાબ—વફાદાર, વિદ્વાન, નિતિજ્ઞ, અને પ્રેમી.

(૩) સવાલ—વચન તે શું ? અને કોણે પાળ્યું ? તે જરા સમજાવો ?

જવાબ—ભલે ! મારા પ્રેમી મીત્રો; હું નીચે જણાવું છું તે સાંભળો

(૪) વચનને માટે હરીશ્ચંદ્ર સત્યવાદી મહાન રાજાએ ભંગીઆને ત્યાં વેચાઈ નીચ કામ કીધું.

(૫) વચનને માટે તારામતી અને રોહિત (હરીશ્ચંદ્રના અંગીતો)ને મહા કષ્ટ ભોગવવું પડયું.

(૬) વચનને માટે બળીરાજાને પાતાળમાં પેસવું પડયું.

(૭) વચનને માટે ધર્મરાજા સહિત પાંચ બંધુઓ તથા સતિ દ્રોપદીને વનોવન ને જંગલે જંગલ ભટકવું પડતું.

૮ વચનને માટે પ્રતાપી નળરાજા તથા શ્રી દમયંતી જેવ મહારાણીજીને એકેક વસ્ત્રે રાજપાટ છોડી રાનમાં ને જંગલમાં ભટકવું પડયું.

૯ વચનને માટે પ્રતાપી અયોધ્યા પતિ રામચંદ્રજીને બાર વરસ સુધી પોતાના બંધુ તથા સતી સીતાજી સાથે વનવાસ ભોગવવો પડયો.

૧૦ વચનને માટે દસરથ રાજાને પુત્ર વિયોગ નહિ સહન થવાથી પોતાના દેહનો ત્યાગ કરવો પડયો.

૧૧ વચનને માટે લંકાપતી બળીષ્ટ રાજા રાવણે કમળની પુંજાથી શીવને રીઝાવી મેળવેલું ચૌદ ચોકડીનું રાજ પાયમાલ કરી નંખાવ્યું તેમજ પોતાનું મૃત્યુ પણ કરાવ્યું તેવીજ રીતે વચન પાળ માણસ, તે ઘણું ઘણું સંકટ

ભોગવ્યા છતાં પોતાનું બોલેલું વચન કદી પણ પાળ્યા સિવાય રહેતાંજ નથી.

૧ સવાલ—વારૂ ? ત્યારે એવાં એક્ય રદયવાળાં આ જગત-માં કોણ હશે ?

જવાબ—મારા પ્રેમી મિત્રો ? કહું તે સાંભળો.

૨ કેળ્જી, એ વૃક્ષ છતાં આખી જીંદગીમાં એકજ વખતફળે છે

૩ સીંહણ, તે જગલી જનાવર છતાં તે એકજ વખત જણે છે તેમજ વફાદાર, નિતિજ્ઞ, અને પ્રીતિપાત્ર મનુષ્ય, તે મંત્ર બોલ્યા પછી જીવ જતાં સુધી પણ પોતાનું બોલેલું વચન બરોબર પાળે છે.

૧ સવાલ—જગતમાં બોલ્યાને પળે નહિ તે કેવાં ? ને તેનું શું કારણ હશે ?

જવાબ—જે વર્ણશંકરપણેથી પ્રજા ઉત્પન્ન થઇ હોય, જાત કુજાત હોય, અને કુસંગી હોય, તેજ માણસ પોતાનું બોલેલું વચન ભંગ કરે છે.

૨ સવાલ—વારૂ ! જે બોલેલું વચન વ્યર્થ કરે, અને પેટનો પાંગળો હોય, તે કેવાં કહેવાય ?

જવાબ—સાંભળો, તેવાજ નાદાન માટે હું દાખલો આપું છું કે જેની યોગ્યતા નથી તેજ એવો હોય છે.

૩ મોતીની માળા કાગડાની કોટને પાત્ર નથી, તેથી કાગડાની કોટે શોભતી નથી.

૪ સાચું મોતી ઘણું કીમતી છે ને તે દાણો કહેવાય છે પણ તે ઘંટીમાં દળાતો નથી.

૫ સાકરનો ખોરાક, ગધેડાંથી જીરવી શકાતો નથી. ખાય તો

ભરી જાય.

૬ આરશીનો ઉપયોગ, આંધળાથી થઇ શકતો નથી.

૭ સુંદર ગાયનનો શોખ, બોબડાથી પાર પડી શકતો નથી

૮ મધુકર વાણીનો મર્મ, બહેરા માણસથી સમજી શકાતોનથી

૯ ઉંચા વૃક્ષની ટોચે રસમયફળ, તે લુલા માણસને કામ લાગતું નથી.

૧૦ ઉત્તમ અને સ્વાદીષ્ટ ભોજન, તેનો સ્વાદ મુખ રોગીથી સમજી શકાતો નથી,

૧૧ શરીર, જીવ વિના શોભતું નથી.

૧૨ નદિ, નીર વિના શોભતી નથી.

૧૩ નારી, પુત્ર વિના શોભતી નથી.

૧૪ પુરૂષ, દ્રવ્ય અને આબરૂ વિના શોભતો નથી.

૧૫ દાતારની છાપ, મેળવનાર યાચકનો તિરસ્કાર કરવાથી શો
ભતો નથી.

૧૬ ભાઇઓ, સંપ તથા સ્નેહ વિના શોભતા નથી.

૧૭ વૃક્ષ, ફળ વિના શોભતું નથી.

૧૮ સદ્દજન, પરોપકાર અને ભક્તિ વિના સોભતો નથી.

૧૯ ગાય, દૂધ વિના સોભતી નથી.

૨૦ સ્ત્રી, પુત્ર તથા પતિની સેવા અને સદ્દગુણ વિના શોભ
તી નથી.

૨૧ રાજા, નગરી અને નેક ન્યાય વિના સોભતો નથી.

૨૨ દીધેલું દાન, તે પાત્ર વિના સોભતું નથી.

૨૩ રાત્રી, ચંદ્રમા વિના સોભતી નથી.

૨૪ દીવસ, સુર્ય વિના સોભતો નથી.

૨૫ દીપક, તેલ વિના સોભતો નથી.
૨૬ મયુર, પીંછા વિના સોભતો નથી.
૨૭ મંદીર, દેવ વિના સોભતું નથી.
૨૮ દેહ, ધર્મ અને નિયળ વિના સોભતો નથી.
૨૯ ગાયન, મધુર કંઠ વિના સોભતું નથી.
૩૦ સભા, વિદ્વાન વિના સોભતી નથી.
૩૧ બ્રાહ્મણ, બ્રહ્મપણું અને વિદ્યા વિના શોભતો નથી.
૩૨ યોગી, જ્ઞાન વિના સોભતો નથી.
૩૩ લક્ષ્મી, દાન વિના અને પરોપકાર વિના સોભતી નથી.
૩૪ વૃત, તપ વિના સોભતું નથી.
૩૫ યુદ્ધ, બળ વિના સોભતું નથી.
૩૬ હાથી, ગતી વિના સોભતો નથી.

૩૭ મણી, તેજ વિના સોભતો નથી.

૩૮ શરીર, પ્રભુની ભકિત વિના સોભતું નથી.

૩૯ મિત્રતા, પ્રેમ વિના સોભતી નથી.

૪૦ વૃક્ષ, પાન વિના સોભતું નથી.

૪૧ સૈન્ય, સરદાર વિના સોભતું નથી.

૪૨ હુંસ, સરોવર વિના સોભતો નથી.

૪૩ કાન, પ્રભુની કથા વિના સોભતાં નથી.

૪૪ સજ્જન, સન્માન વિના સોભતો નથી.

૪૫ સીંહણનું દૂધ, કનકપાત્ર સિવાય રહી શકતું નથી.

૪૬ સીંહણની સાથે, પ્રિતી કરવા શીયાળનું શકિતવાન હોતું નથી. તેમજ કુસંગી, અભીમાની, સ્વારથી, નિરદય દુરાચારી, અને વ્યભીચારી, તેઓથીજ વફાદારીનાં સદા-

ણા સાચવી શકાતાં નથી અને વચન તે શું ? તેની તેઓને પરિક્ષા હોતી નથી. તેથીજ તેઓ બોલેલું વચન વ્યર્થ કરે છે. અને તેઓ આ દુનિયામાં વ્યર્થ ફરે છે. એટલુંજ નહિ પણ તેઓનામાં જ્યાં સુધી, પ્રેમ, ભકિત શ્રુધા, વિવેક, નમ્રતા, પરોપકાર, અને દયા, એ ગુણો જણાતા નથી ત્યાં સુધી તેઓ મનુષ્ય રૂપે ભલેને જગતમાં ફરે, પણ તેઓ મનુષ્યની ગણતરીમાં ગણાઇને શજ્જનની આગળ કદી સોભતા નથી.

૧ સવાલ—વાર ? વચનં ભંગ કરનારનાં કારણો તો જાણ્યાં પણ જે વચન પાળ હોય છે તે કેવા દ્દઢ હોય છે તે જણાવો ?

જવાબ—મારા પ્રેમી મિત્રો ! સાંભળો જે વચન પાળક હે

ય છે તેઓની પરિક્ષાનાં દ્રષ્ટાંતો વિદિત કરૂં છું કે

૨ ધ્રુનો તારો કદી પણ ચલાયમાન થતો નથી.
૩ મહાસાગર પોતાની મર્યાદા કદી પણ મુકતો નથી.
૪ ભાગી ગયેલો કાચ, કદી પણ સંધાતો નથી.
૫ વરસેલો વરસાદ. નેવે ઉતરી કદી પણ મોભે ચઢતો નથી.
૬ થુંકી નાંખેલું થુંક, કદી પણ ગળાતું નથી.
૭ તોપનો ભડાકો. રોકયા છતાં કદી પણ રોકાણ થતો નથી.
૮ સત્યવાદી રાજા, પોતાની ટેક કદી પણ તજતો નથી.
૯ પતીવૃતા સ્રી. ઘણાં કષ્ટ વેઠયા છતાં કદી પણ પોતાનું સત્ય છોડતી નથી.
૧૦ સુર્ય તથા ચંદ્ર, કદી પણ દીશા પલટી બીજી દીશામ ઉગતા નથી.

૧૧ સોનું. ઘણું તપાવ્યા છતાં કદી પણ નિસ્તેજ થતુ નથી
૧૨ ગજેંદ્ર, કદી પણ પોતાની મર્યાદા છોડતો નથી.
૧૩ સુર્ય. તેને નિસ્તેજ કરવા અજ્ઞાની ગમે તેટલી રજ નાંખે છે છતાં સુર્ય કદી પણ ઝાંખો પડતો નથી.
૧૪ એક ગુંથેલી દોરી તે પણ બળી જવા છતાં કદી પણ પોતાનો વળ તજતી નથી.
૧૫ સુખડ અગ્નીમાં બાળવા છતાં પોતાની સારી વાસના કદી પણ ફેરવતી નથી.
૧૬ વૃક્ષ સાથે વિટાયેલી વેલી, વૃક્ષ સુકાયા છતાં પણ પ્રીત તજી વૃક્ષથી કદી પણ જુદી પડતીજ નથી.
તેમજ જે માણસ એકજ માબાપથી ઉત્પન્ન થયેલ છે, જેના વિચારો સ્થિર, અને એકજ ગુણવાળા છે, અને જીવન

નું તથા ખરા પ્રેમનું જેણે અવલોકન કીધેલું છે, તથા પ્રેમને માટે અને વચનને માટે હજારો મોટા મોટા રાજાઓના ખ્યાનોથી જાણીતા થએલા છે, તેવા ટેકીલા, એકય રહૃદયવાળા, સુજ્ઞ, દયાળુ, અને સાચા પ્રેમી પાત્રો, તે શરીરનો નાશ થતાં સુધી પણ કદી વચનનો ભંગ કરતા નથી અને વચનને માટે ખરાબ ખસ્ત થઈ જઇ આ દુનિયામાં પોતે વચન પાળે છે એવી સત્યતાની અને ટેકીલાની ચોખ્ખી નામના મેળવે છે.

૧ સવાલ—વારૂ ? હલકો માણસ કોણ કહેવાય ?
જવાબ—નિરદય, અહંકારી, માંની, મગરૂર, વ્યભિચારી, જુઠા, ને પ્રપંચી.

૨ સવાલ—માંની એટલું શું ? અને તે કેવાં કૃત્ય કરે છે ?

જવાબ—જે બીજા માણસને હિસાબમાં લેખે નહિ તથા દુ:ખી મનુષ્ય પોતાની દાદ કરે તે ઉપર લક્ષ આપે નહિ તે.

૩ સવાલ—આપણે કોઇ દુ:ખની વાત સામાને પુછતાં સામો માણસ અપમાન કરે તો તેને કેવો જાણવો ?

જવાબ—જુઓ બાલ તેતો ખાઇ બદલો તો આખલોજ કહેવાય, એ કાંઇ માણસ કહેવાય નહિ. કારણ કે મણી ભીંત સાથે પછડાયાથી ભીંત સ્પર્શ કરે નહિ. તેમાં મણીનું અપમાન થયું કહેવાય નહિ, પણ, સામી ભીંત છે. તેજ અપમાનને પાત્ર છે. તેમજ અરજનો જવાબ નહિ કરતાં અપમાન કરે તે તો ખાસ આખલાની અને ભીંતનીજ ઉપમાને પાત્ર છે. એમ નક્કી

જાણવું અને એવા નાદાન તથા વચન ભંગ કરનાર અ પ્રમાણીકની છાપ મેળવનાર. લંપટ અને વિષઇ ઓનું જગતમાંથી શ્રીહરી નિકંદન કાઢો એજ છેવટ મારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

શુશીક્ષા.

૧ બનતા સુધી ઓછાં વચન આપો.

૨ હમેશાં સત્યજ બોલવું.

૩ કદી કોઇનું જુંઠું બોલવું નહિ.

૪ હમેશાં બનેતો સારી સોબત રાખો. નહિતો સમુળગી રાખો નહિ.

૫ હમેશાં તમારો સંકેત બરાબર રીતે પાળો.

૬ કોઇ દીવસ સરત અથવા સટો કરવો નહિ.

૭ કદી દારૂ અગર કાંઈપણ વ્યસન તેમ નિશા કરવો નહિ

૮ આખી સૃષ્ટીમાં જો ઉત્તમ ચીજ હોયતો એઇ ઉત્તમ ચાલ ચલગત જ છે.

૯ કોઈ દીવસ કંઈ પણ ખાનગી કામ કરવું નહિ. અને કરવું તો કોઇને કહેવું નહિ.

૧૦ તમારૂં જયાં સુધી ચાલે ત્યાં સુધી કોઇની પાસેથી કંઈ પણ ઉછીનું લેવુ નહી.

૧૧ તમો તમારી સ્ત્રીનું અને કુટુંબનું ખર્ચ પુરૂ કરી શકો નહિ ત્યાં સુધી લગ્ન કરશો નહિ.

૧૨ જો તમો સુખી થવાની ઇચ્છા રાખતા હોતો અજ્ઞાન રહો.

૧૩ જયારે તમો કોઈ પણ માણસ સાથે કંઇ પણ વાત કરો ત્યારે તેના ચહેરા સામુ જુઓ.

૧૪ તમો સુખી થાઓ એવું તમોને લાગતું હોય તો વધારે પૈસાદાર થવાને ઉતાવળ કરશો નહિ.

૧૫ દુઃખના દીવસો બાદ કરતાં તમારી આવક પ્રમાણે ખર્ચ કરો

૧૬ જુવાનીમાં પૈસા બચાવો તો તે ઘડપણમાં ખપ લાગે.

૧૭ લાલચથી ડરતા રહો. કદાપી તમો તેના સામા થવાને શક્તીમાન ન થાઓ

૧૮ દેવું કરતાં પહેલાં વાળી શકવાની તમારી શક્તિનો વિચાર કરો.

૧૯ ધીમે ધીમે મળતા થોડા નફાથી માણસ હોંશીયાર થાયછે અને મનને શાંન્તી મળે છે.

૨૦ સદ્‌ગુણ બે રત્નો છે

૧ સારી સોબત.

૨ સારી વાતચીત.

૨૧ તમારા પોતાના કામો શિવાય તમારી ચાલ ચલગત બ ગડતી નથી.

૨૨ કોઈ પણ તમારૂં ખરાબ બોલતો હોય તો તમો એવી ચા લચલગત રાખો કે તેનું કહેવું કોઈ માનેજ નહિ.

૨૩ જયારે રાત્રે તમો સુઈ જાઓ ત્યારે આખા દીવસમાં તમો- એ શું કર્યું તેનું મનન કરો.

૨૪ કદી આળસુ થઇને બેશી રહો નહિ. છેવટે તમને કાંઈપણ કાર્ય ન મળે તો જ્ઞાન અથવા મનસંપાદન કરવામાં વ- ખત ગાળો.

૨૫ કામ કરતા પહેલાં આગળનો વીચાર કરવો.

૨૬ ધીરજનાં ફળ મીઠાં છે. સબુરીનાં ફળ ઇશ્વર આપે.

૨૭ સાહસા કામ કરવું નહી. ભુલ્યા ત્યાંથી ફરીથી ભણવું.
૨૮ ઓ બી દીન જાયગા
૨૯ દુખમાં ધીરજ રાખવી. સુખમાં દુખનો વિચાર કરવો.
૩૦ કોઈની ચાડી નીંદા કરવી મહી.
૩૧ સુખ દુખ સરખાં માની લેવાં. ચડતી પડતી ચાલીજાયછે
૩૨ ગઈ ગુજરી સંભાળવી નહી.
૩૩ સત્તા આગળ શાણપણ ચલાવવું નાહ.

દોહરા.

ધન ખરચી તન રાખીએ, તન ખરચ જે લાજ;
તન ધન બેઉ ખરચીએ, એક લાજને કાજ.

સુખ દુઃખ સહેવું સદા, આ શીરને સાટે;

દુ:ખ દેખી નહિ ડુબવું, સંસાર શા માટે.
જેને વીતી હોય તે, જાણે પંડ આપ;
વગર દરદનો માનવી, જાણે શું સંતાપ.
સદા દે.ર હોરા, દીખાતા નહિ;
ગયા વખ્ત ફીર, હાથ આતા નહિ.
બડે બડેકુ દેખકે, છોટે કુમત વિસાર;
કામ પડે જબ સાયકા, કહા કરે તલવાર.
સુખ આવે તો ભોગવો, દુ:ખ આવે તો તેમ;
સુખ દુ:ખ બે ફેરા ફરે, ચક્ર ફરે છે જેમ.

તારીખ તેરમી શોમવારે. નવેંબર માસ છે.
વાંચી મીત્રો સમજજો, એજ મારી આશા છે,

મંગળ સમયે મંગળો રચી, રદય રત્ન હોવ છે;
વાંચી મનમાં વિચારજો, મણી વચનો સીધ છે.

સમાપ્ત.

શેર.

બનાવનાર છે બહુ ભલોને, કલમ દુનિયાને વાજમ છે.
વેચનાર તરીકે બચ્ચી મીયાં, શોખીન સૈયદ હાસમ છે.

સમાપ્ત